પ્રકરણ ૪ થું

# કુમારિકાખંડમાં ખંભાતનાં વિધાનો

सा समुद्रेण संप्राप्ता पुण्यतोया महा नदी ।
संजातस्तत्र देवर्षे महीसागरसंगम ॥ २६ ।
स्तंभाख्यं तत्र तीर्थं तु त्रिषु लोकेषु विश्रुतम् ।
(अ. ૩.)

ભગવાન વેદવ્યાસે અઢાર પુરાણોની રચના કરી. તેમાં તેરમા પુરાણ તરીકે સ્કંદપુરાણ ગણાય છે. તેમાં ૮૧૧૦૦ શ્લોકની સંખ્યા હોવાથી તે બધા પુરાણોમાં મોટું ગણાય છે. તેના સાત ખંડો છે. તેમાં માહેશ્વરખંડનો અવાંતરખંડ કુમારિકાખંડ છે. આ ખંડના છાસઠ અધ્યાય છે. તેમાં મહીસાગરસંગમ અને સ્તંભતીર્થને લગતું સઘળું વર્ણન આપવામાં આવ્યું છે.

## અર્જુનનું મહીસાગરસંગમતીર્થમાં સ્નાન કરવા આવવું.

અર્જુન જાત્રાએ નીકળ્યો છે, તે મણિપુરથી[૧] દક્ષિણ સમુદ્રમાં સ્નાન કરવા માટે આવે છે. સમુદ્રમાં સ્નાન કરતાં મગરી તેનો પગ પકડે છે. જેવો તે બહાર નીકળે છે કે તરત તે મગરી દિવ્ય સ્વરૂપવાળી સ્ત્રી બની જાય છે. આ જોઈ અર્જુન નવાઈ પામે છે, પછી તેને પૂછે છે કે હે કલ્યાણી! તું કોણ છે? અને અહીં જળમાં કયાંથી? ત્યારે તે સ્ત્રી જવાબ આપે છે હું વર્ચા, સારભેયી, સામેથી, બુદ્‌બુદા અને લતા એમ અમે પાંચ અપ્સરાઓ છીએ, વનમાં એકાંતમાં તપ કરવાવાળા એક બ્રાહ્મણના તપનો ભંગ કરાવવા અમે પ્રયત્ન કર્યો, તેથી તે બ્રાહ્મણ કોપાયમાન થયો; અને અમને શાપ આપ્યો, એ શાપને લીધે અમને મગરનું રૂપ પ્રાપ્ત થયું, જ્યારે અમે ઘણા કાલાવાલા કર્યા ત્યારે તેણે કહ્યું કે તમને પુરુષસિંહ અર્જુન મળશે અને તે તમારા દુઃખમાંથી મુક્ત કરશે. આ પ્રકારે તે બ્રાહ્મણે અમને કહ્યું છે; આ વચન સત્ય કરવાને તમે યોગ્ય છો માટે હવે અમારી મુક્તિ કરો, અપ્સરાઓની વિનંતી સાંભળી અર્જુને તેમનો ઉદ્ધાર કર્યો. આ હકીકતથીસહેજે સમજાશે કે અર્જુન યાત્રાને નિમિત્તે આ પવિત્ર ભૂમિ ઉપર આવ્યા હતા.

## દેવર્ષિ નારદે મહીસાગરસંગમ ઉપર મહીનગર (સ્તંભતીર્થ)ની સ્થાપના કરી.

દેવર્ષિ નારદે ભૃગુઋષિ પાસેથી મહીસાગર-સંગમ તીર્થનું માહાત્મ્ય સાંભળ્યું; અને તે સ્થળે બ્રાહ્મણોને વસાવવાનો વિચાર કર્યો. ધર્મવર્મા રાજા પાસેથી તેના કેટલાક પ્રશ્નોના જવાબ આપી; તેના મનનું સમાધાન કરી; તેની પાસેથી દ્રવ્ય અને સ્થાન ભૂમિની માગણી કરી; તે તેણે આપી[૨] દેવર્ષિ નારદ ચારિત્ર્યશીલ, વેદપાઠી, અને ધર્મક્રિયામાં કુશળ એવા બ્રાહ્મણોની શોધ કરવા નીકળી પડ્યા, પરિભ્રમણ કરતાં કરતાં કલાપગ્રામમાં ગયા, ત્યાં ધર્મક્રિયામાં કુશળ અને વેદપાઠી બ્રાહ્મણો જોયા[૩] આથી દેવર્ષિ ઘણા ખુશ થયા. પછી તેમને પોતાની સાથે મહીસાગર સંગમ ઉપર પધારવા વિનંતી કરી; સૂક્ષ્મરૂપ ધારણ કરી બ્રાહ્મણોને નારદજીએ દંડના અગ્રભાગ પર બેસાડીને મહીસાગરસંગમના

૧. મણિપુર–ખંભાતથી પૂર્વદિશામાં દોઢ માઈલ ઉપર હાલ 'મેતપર' ગામ છે; તેને લોકો પૂર્વનું મણિપુર માને છે.

૨ કુમારિકા ખંડ અ. ૪

૩ એ જ અ. ૫

તીર્થમાં લાવીને ઉતાર્યા; તેમની સંખ્યા છવ્વીસ હજારની હતી; તેમાં કપીલ, હારિત, ગૌતમ વગેરે મુખ્ય હતા. ત્યાં મહીસાગરસંગમમાં સ્નાન કરાવી અર્ઘ્યપાદ્યથી તેમનું પૂજન કર્યું; અને ગૌપ્રદાન, ગૃહદાન, ધનદાન, આભૂષણો વગેરે આપી બ્રાહ્મણોને સંતોષ પમાડ્યા. આ રીતે આ મહીસાગર સંગમતીર્થ પર આવેલા મહીનગરની (સ્તંભતીર્થ) પ્રતિષ્ઠા દેવર્ષિ નારદે કરેલી છે. નારદજીનું નામ આજે ખંભાતમાં નારેશ્વર (નારદેશ્વર) તળાવ અને તેની સમીપે આવેલા નારદેશ્વર મહાદેવ સ્મરણ કરાવી રહ્યા છે. નારદીય બ્રાહ્મણોની વસતી પહેલાં હતી; હવે તો તે બિલકુલ રહી નથી.

## 'કુમારિકાખંડ' નામ કેમ પડ્યું ?

સિંહલદ્વીપના રાજા ઋષભને ભરત નામે પુત્ર થયો. તેનો શતશ્રૃંગ થયો. તેને આઠ પુત્રો અને એક કુમારિકા હતી. કન્યાનું મુખ બકરીના જેવું હતું. તેવું મુખ જોઈ તેનાં માતપિતા તથા અન્યજનો વિસ્મય પામ્યાં. તે કન્યાએ દર્પણમાં પોતાનું મુખ જોતાં તેને પૂર્વજન્મ યાદ આવ્યો.

મહીસાગરસંગમના તટ ઉપર વૃક્ષો, લતાથી શોભતા પ્રદેશમાં બકરીઓના ટોળામાંથી એક બકરી ભૂલી પડી ગઈ. તે દૂર પ્રદેશમાં આમતેમ ભટકતી એક જાળામાં સપડાઈ ગઈ, અને ભૂખતરસથી ઘણી પીડાઈ. તે જાળામાંથી બહાર નીકળી શકી નહિ; અને ત્યાં મૃત્યુ પામી. તેના ધડનો ભાગ તૂટીને જાળામાંથી મહીસાગરસંગમમાં પડ્યો : તે દિવસે અમાસ ને શનિવાર હતો, તેનું માથું તે જાળામાં ભરાઈ રહ્યું હતું. તે જળમાં પડ્યું ન હતું. તેનું માત્ર ધડ મહીસાગરસંગમમાં પડવાથી તે તીર્થના પ્રભાવથી તે સિંહલ દેશના શતશ્રૃંગ રાજાની પુત્રી થઈ; પરંતુ બકરીના જેવું તેનું મુખ જોઈને સર્વે વિસ્મય પામ્યા; અને ખેદ કરવા લાગ્યા. પુત્રીએ જ્યારે આ પ્રમાણે પોતાનું મુખ જોયું ત્યારે તેણે પિતાની આજ્ઞા લઈ જ્યાં પોતાનો દેહ પડ્યો હતો ત્યાં ગઈ. ત્યાં લતાગુલ્મમાં જઈને જુએ છે તો પોતાનું માથું ભરાઈ રહેલું દીઠું. તેને લઈને ત્યાં બાળીને તેનાં હાડકાં મહીસાગરસંગમમાં પધરાવ્યાં. તે તીર્થના પ્રભાવથી તેનું મુખ ચન્દ્રના જેવી કાંતિવાળું થયું. પછી તે પિતાને ઘેર આવી; અને પોતાનું સર્વ વૃત્તાંત તેમને કહ્યું, માતાપિતા રાજી થયાં. ફરી પિતાની રજા લઈને તે સ્થળે આવી અને શંકરની ઉપાસના કરી; શંકર પ્રસન્ન થયા. જ્યાં બકરીનું માથું બાળ્યું હતું ત્યાં એક શિવલિંગની સ્થાપના કરી. તેનું નાથ 'બર્કરેશ' પાડ્યું.[૪] આ પ્રમાણે વરદાન મેળવીને તે કન્યા સિંહલદ્વીપ ગઈ. મહીસાગરસંગમતીર્થનું માહાત્મ્ય સાંભળીને તે ઘણાં પ્રસન્ન થયાં.

શતશ્રૃંગ રાજાને આઠ પુત્રો અને નવમી કન્યા હતી. તે રાજાએ ભરતખંડના નવ ભાગ કર્યા. આઠ ભાગ પોતાના આઠ પુત્રોને આપ્યા, અને નવમો ભાગ કુમારીને આપ્યો. તે પુત્રોનાં નામ ઉપરથી તે તે ખંડ (દ્વીપ) કહેવાયાં. ઇંદ્ર, કસેરૂ, તામ્ર, ગભસ્તિ, નામખંડ, સૌમ્ય, ગાંધર્વ, વરુણ એમ આઠ ખંડો પુત્રોના નામ પરથી પાડ્યા, અને નવમો ખંડ કુમારિકાના નામ ઉપરથી કુમારિકાખંડ કહેવાયો. પુરાણકારે તો તેનો વિસ્તાર ઘણો મોટો આપ્યો છે[૫] પરંતુ ખંભાતથી નર્મદા નદીના ઉત્તર ભાગ સુધીનો પ્રદેશ કુમારિકાખંડથી ઓળખાય છે. બ્રાહ્મણો કર્મકાંડના સંકલ્પમાં આ પ્રદેશને 'કૌમારિકાખંડે' એમ બોલે છે.

## ઋષિમુનિના આશ્રમો

આ મહીસાગર સંગમક્ષેત્રમાં ભારદ્વાજ, ગૌતમ, અત્રિ, સૌભદ્ર, પૌલોમિ, કરંધમ; ભૃગુ, હારિત,

---

૪ ખંભાતમાં ખોજબાડાના ચોકમાં આ શિવાલય છે.

૫ કૌમારિકા ખંડ અ. ૩૯ પારિયાત્ર પર્વત કે જેને પાર્જિસ્ટર કહે છે કે 'ભોપાલની પશ્ચિમે હાલના વિંધ્યનો ભાગ તે પારિયાત્ર છે' (પુરાણોમાં ગુજરાત પૃ. ૧૫૭)

હરિમેધ વગેરે તપસ્વીઓ વસતા હતા. તેઓ શંકરની આરાધના કરતા હતા. અને ભગવાન શંકરનાં બાણોની સ્થાપના કરી હતી. કોટીતીર્થ (કોટેશ્વર)માં કેટલાય મુનિઓ વસતા હતા. ત્યાં અત્રેશ્વર, ગૌતમેશ્વર વગેરે શિવાલયો છે. એટલે એક વખતે આ ભાગ તપસ્વીઓના તેજપુંજથી તેજસ્વી થઈ રહ્યો હતો.

ભતૃયજ્ઞ

ભતૃયજ્ઞ એ એક તપસ્વી અહીં થયા છે. તેમનો પૂર્વજન્મ યાજ્ઞવલ્કય ઋષિનો હતો; યાજ્ઞવલ્કય મિથિલા નગરીમાં વસતા હતા; ત્યારે તેમની સાથે ગાર્ગી પણ હતી. એક સમયે એક નકુલ (નોળિયો)ને આવતો જોઈ ઋષિએ ગાર્ગીને કહ્યું; હે ગાર્ગી! દૂધનું રક્ષણ કર; આ નકુલ (નોળિયો) આવે છે તે દૂધ પી જશે. આ સાંભળી નોળિયો કોપાયમાન થયો. તેણે મુનિને કહ્યું કે તમે પોતે કુળવાન અને બુદ્ધિમાન છો એમ તમે માનો છો; અને મને આ નકુલ છે એવા ગર્વથી તિરસ્કાર કરો છો.

હે યાજ્ઞવલ્કય! તમારામાં યોગેશ્વરપણું આવું જ છે? તમે નથી જાણતા કે કઠોરવાણી બોલવાથી દુઃખ થાય છે. માટે કઠોર વાક્યથી કદી કોઈનો તિરસ્કાર કરવો નહિ. તમે મને નકુલ કહ્યો માટે હું તમને શાપ આપું છું કે તમે પણ નકુલ થશો.

આ સાંભળી મરુદેશમાં હલકા કુળવાળા બ્રાહ્મણને ત્યાં ભતૃયજ્ઞ નામે તેમનો જન્મ થયો. તેને જાતિનું સ્મરણ રહ્યું. જ્ઞાનથી જોઈને તેમણે મહીસાગરસંગમમાં જઈ સ્નાન કર્યું. અને તેઓ શિવનું પૂજન કરી મોક્ષ પામ્યા.[૬]

---

૬ કુ. ખંડ અ. ૧૩

ભતૃયજ્ઞ પાશુપતમતના અનુયાયી હતા.[૭] તેમણે નર્મદા કિનારે આવેલા (કાયાવરોહણ) તીર્થમાંથી ભગવાન લકુલીશે પ્રવર્તાવેલ પાશુપત સંપ્રદાયની પ્રસ્થાપના કરી, મહીસાગર સંગમક્ષેત્ર ઉપર શિવલિંગની આરાધના કરી હતી.

ખંભાતમાં ચોકમાં જતાં સિદ્ધનાથ મહાદેવનું શિવાલય આવે છે; તે બાણ પાશુપતલિંગ છે એવું બીજું મેતપુરમાં હરશંકરનું છે, તે ઓળખવાની નિશાની એ છે કે ગોળાકાર લિંગની સાથે જ પદ્માસને બેસાડેલી શિવની (ઉર્ધ્વરેતસ) મૂર્તિ હોય છે.[૮] આવાં બે બાણ ખંભાતમાં હોવાથી એમ સમજાય છે કે લકુલીશ પાશુપત આ પ્રદેશમાં પ્રચાર પામ્યો હશે.

ભગવાનશિવનાં લિંગ (કુમારિકાખંડનાં).

આ સ્થળે કુમારિકાખંડમાં આપેલાં શિવલિંગો વિષે નોંધ લેવામાં આવી છે. જેમાંનાં કેટલાંક અત્યારે વિદ્યમાન છે. ૧ કુમારેશ્વર, ૨ સ્તંભેશ્વર, ૩, બર્કરેશ્વર, ૪ મહાકાલેશ્વર, ૫ સિદ્ધેશ્વર, ૬ શતરુદ્રીય, લિંગ, ૭ ઈંદ્રદ્યુમ્નેશ્વર, ૮ કોટીતીર્થ, ૯ બ્રહ્મેશ્વર, ૧૦ મોક્ષેશ્વર, ૧૧ ગર્ભેશ્વર, ૧૨ કેદાર, ૧૩ નીલકંઠ, ૧૪ સોમનાથ, ૧૫ ગૌતમેશ્વર, ૧૬ હાટકેશ્વર, ૧૭ અત્રીશ્વર, ૧૮ ભારદ્વાજેશ્વર, ૧૯ નારદેશ્વર, ૨૦ શકિતછિદ્રેશ્વર, ૨૧ કપિલેશ્વર, ૨૨ ભીમેશ્વર, ૨૩ નાગેશ્વર.

દેવીઓની સ્થાપના

૧ સિદ્ધાંબિકા, ૨ તારા, ૩ ભાસ્કરા, ૪ યોગનંદિની, ૫ ત્રિપુરા, ૬ કોલંબા, ૭ કપાલેશ્વરી,

---

૭ 'કુમારિકાખંડમાં ખંભાતનાં ઐતિહાસિક વિધાનો.' શ્રી ક. ભા. દવેનો લેખ

૮ શૈવધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ શ્રી દુ. કે શાસ્ત્રી. પૃ. ૪૬ ટીપ; તથા પૃ. ૪૩

૮, સુવર્ણાક્ષી, ૯ ચર્ચિતા, ૧૦ એકવીરા, ૧૧ હરસિદ્ધિ, ૧૨ ચંડિકા, ૧૩ ભૂતમાતા, ૧૪ શિકોતર, ૧૫ શક્તિછિદ્રેશ્વરી, ૧૬ વટયક્ષિણી.

**આદિત્ય**

૧ ભટ્ટાદિત્ય, ૨, જયાદિત્ય વગેરે આદિત્ય

કુંડ — જ્યાં જ્યાં લિંગોની સ્થાપના કરી છે ત્યાં કૂપ, સરોવર અને કુંડનો ઉલ્લેખ આવે છે, હાલ જે જે કુંડ છે તેનું વર્ણન યોગ્ય સ્થળે કરવામાં આવશે.

અન્ય દેવો — વૃદ્ધવાસુદેવ, સિદ્ધવિનાયક, બર્બરિક (બળિયાકાકા) અપરદ્વારકાં, કુમાર, તારકાસુર વગેરે. ભક્ત અતરેયની કથા આગળ આપવામાં આવી છે.

**મહર્ષિ ઐતરેય**

ખંભાતની પ્રાચીન ભૂમિ ઉપર ઋષિ, મહર્ષિઓ થયા છે; તેમાં કુમારિકાખંડના ૪૨મા અધ્યાયમાં ઐત- રેયની કથા આપવામાં આવી છે.

મહીસાગરના કિનારે નારદજીના સ્થાપિત મહી-નગરમાં હારિત મુનિ રહેતા હતા; તેના વંશમાં માંડૂકિ નામે ઉત્તમ બ્રાહ્મણ રહેતો હતો, તેને ઈતરા નામની પતિવ્રતા નારી હતી. તે સ્ત્રીથી તેને અત-રેયનો જન્મ થયો હતો. પૂર્વજન્મમાં શીખેલા દ્વાદશાક્ષર મંત્ર ૐ નમો ભગવતે વાસુદેવાયનો જપ કરવા લાગ્યો. તે સિવાય તે કંઈ બોલતો નહિ. તેને મૂર્ખો ધારી તેના પિતા તેને બોધ આપવા લાગ્યા. છતાં તેનું મન વ્યવહારમાં લાગ્યું નહિ; આથી તેના પિતાએ બીજી સ્ત્રી પિંગા નામે કરી; તે સ્ત્રીથી તેને વેદવેદાંગ જાણનાર અને કર્મમાં કુશળ એવા ચાર પુત્રો થયા. તેઓ યજ્ઞોમાં પૂજાવા લાગ્યા. શોકચના પુત્રોને પૂજાતા જોઈ માતા ઈતરાને ખૂબ લાગી આવ્યું; અને કહેવા લાગી કે હે બાળક! તું મને કલેશ કરાવવા ઉત્પન્ન થયો છું. મારા જન્મને ધિક્કાર છે; હું દુર્ભાગી મહીસાગર સંગમમાં દેહત્યાગ કરીશ.

માતા ઈતરાને ઐતરેય જ્ઞાનોપદેશ કરે છે; ને કહે છે કે પૂર્વજન્મમાં હું શૂદ્ર હતો; એક દિવસ સાંસારિક દોષથી ભયભીત થયેલો હું એક ધર્મજ્ઞ વિદ્વાન બ્રાહ્મણના શરણે ગયો. તે કૃપાળુ બ્રાહ્મણે મને 'દ્વાદશાક્ષર' મંત્ર જપ કરવાનો ઉપદેશ આપ્યો તે મંત્રના પ્રભાવથી મારી ઉત્પત્તિ તારા ગર્ભમાંથી થઈ છે. હું વિષ્ણુની પ્રીતિ મેળવવા હરિમેધના યજ્ઞમાં જોઉં છું.

મહીનગર ક્ષેત્રમાં (કોટીતીર્થમાં) યજ્ઞમાં તે ગયાં. ત્યાં બ્રાહ્મણો સાથે વિદ્વતાપૂર્ણ વાતચીત થતાં તે મહાપંડિત લાગ્યો. તેમણે સર્વેએ તેમનો આદર-સત્કાર કર્યો; હરિમેધાએ તો ઐતરેયને પોતાની પુત્રી આપી. ધન અને પત્ની લઈને તે ઘેર આવ્યો. અને માતાને વંદન કર્યાં. ભગવાન વાસુદેવનું નિરંતર ધ્યાન ધરીને ભક્તિભાવથી પોતાનું જીવન ગુજારવા લાગ્યો.

'મહીદાસ ઐતરેય' નામથી એક મહર્ષિ થઈ ગયા છે; તેમનાં માતપિતા તથા બધી જ હકીકત આ પ્રમાણે છે. માતા પોતાના બાળક ઐતરેયને લઈ ઘર બહાર ચાલી જાય છે. અને પોતાના બાળક સાથે એકલી મહિનો આશ્રય કરીને રહે છે. તેની ભકિતથી મહી પ્રસન્ન થાય છે, અને તે પુત્ર મહાન તેજસ્વી બને છે. તેથી તે પુત્રને મહીદાસ ઐતરેય કહે છે આ હકીકત સાયણાચાર્યે ઐતરેય બ્રાહ્મણના ભાષ્યની પ્રસ્તાવનામાં આપી છે, તેણે ઐતરેય ઉપનિષદ અને ઐતરેય આરણ્યક એ અપૂર્વ ભારતવર્ષને ભેટ આપી છે. આથી મહીનગર – સ્તંભતીર્થ– ખંભાતનું નામ ઉપનિષદ્ ગ્રંથોમાં સુવર્ણાક્ષરે લખાયેલું ગણી શકાય. ભક્ત ઐતરેય અને મહીદાસ ઐતરેય એ બે વ્યક્તિ એક છે કે જુદી એ સ્પષ્ટ લખેલું મળતું નથી; છતાં માતાપિતા વગેરે બધી હકીકત સરખી મળે છે; એટલે એ બે વ્યકિત એક ધારવામાં હરકત નથી.

આ સિવાય બીજા મહર્ષિઓએ આ સ્થાનને પવિત્ર કર્યું છે, તથા જે જે તીર્થો છે તેની વિગતો આગળના પ્રકરણમાં આવશે.

### પૌરાણિક સમય

ખંભાતનો પૌરાણિક ઇતિહાસ સ્કંદપુરાણના માહેશ્વરખંડના કૌમારિકાખંડ ઉપર આધાર રાખે છે. કૌમારિકાખંડના ૩૯ અ. માં ભારતવર્ષના દેશોનાં નામ આપેલાં છે તેમાં 'ગુર્જરરાત્ર'નાં સીત્તેર હજાર ગામ ગણાવ્યાં છે. આ નામો ઉપરથી આ પુરાણ ૯ – ૧૦ શતકમાં લખાયું છે એમ શ્રી વૈદ્ય માને છે. શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી 'પુરાણ વિવેચન'માં લખે છે કે[૧] માહેશ્વરખંડના કેદારખંડ અને કૌમારિકાખંડ ભાગવત પછીના છે. ખંભાત બંદરની પ્રસિદ્ધિ ૯ – ૧૦ દશમા શતકથી થઈ છે અને કૌ.ખંડ દશમા – અગિયારમા શતકનો હશે. અત્યારે સ્કંદપુરાણ તરીકે જે મળે છે તે તો નવમા દશમા શતકથી ચૌદમા શતક સુધીમાં રચાયેલા હોય એમ લાગે છે.[૨]

વળી વડોદરા પુરાતત્ત્વ ખાતાના ડૉ. રમણલાલ મહેતા તો કહે છે કે નગરાના નારદીય બ્રાહ્મણો શૈવ હતા, તે પૈકી કોઈએ 'કૌમારિકાખંડ' નામનું સ્થળ માહાત્મ્ય ખંભાત માટે રચ્યું હશે. 'કૌમારિકાખંડ' ઈ. સ.ની ૧૬મી સત્તરમી સદી પહેલાંની રચના હોય એમ લાગતું નથી. આ મધ્યકાલીન સંસ્કૃત ગ્રંથે શૈવ સંપ્રદાયની પ્રણાલિકાઓને અનુકૂળ થાય એવું સ્થળ માહાત્મ્ય ખંભાત માટે આપ્યું છે. એની અંતરંગ અને બહિરંગ પરીક્ષા તેને પ્રાચીન ઠેરવતી નથી.[૩]

છતાં 'પૌરાણિક અનુશ્રુતિઓને કપોલકલ્પિત માનવાને બદલે સંભવિત માનીને તેમાં ઇતિહાસ સિદ્ધવંશોની પહેલાંના જે રાજવંશો જણાવ્યા હોય તે વંશોને આદ્ય ઐતિહાસિક ગણીને સંભવિત ભૂમિકારૂપે લક્ષમાં રાખવાનું વલણ સ્થપાતું જાય છે. એની રચનાનો સમય અનિશ્ચિત હોવાથી એમાં આવતા ઉલ્લેખો આદ્ય ઐતિહાસિક કાલના ક્યા તબક્કાને લગતા હશે એ નક્કી કરવું ઘણું મુશ્કેલ છે.[૪]

### ખંભાતનો વસવાટ

ખંભાતથી ઉત્તરે બે માઈલ પર આવેલું નગરા ઈ. સ. પૂર્વે પાંચમા કે છઠ્ઠા સૈકાની આજુબાજુ વસીઆણ થયેલું વિદ્વાનો માને છે.[૫] ત્યાં સુધી દરિયો હતો. દરિયો ધીમે ધીમે પૂરાતો ગયો. અને તેથી નગરાનો વેપાર તૂટ્યો, વસતી પણ આગળ આગળ વસવાટ કરતી ગઈ; વળી ખંભાતના ઐતિહાસિક ઉલ્લેખો સાતમી સદી પહેલાંના મલતા નથી. ખંભાત પર પહેલો આરબ હુમલો હી. સ. ૧૫ (ઈ. સ. ૬૩૬)માં થયો; આ વખતે મૈત્રકરાજા – વલ્લભીપુરના શિલાદિત્ય ૩જો (ઈ. સ. ૬૬૪ થી ઈ. સ. ૬૭૬) હતો.[૬] એટલે તે સાતમી સદીની આસપાસ વસેલું હોવું જોઈએ.

---

૧. 'પુરાણ વિવેચન' પૃ. ૨૨૮ – ૨૨૯.
૨. એ જ.
૩. 'સ્વાધ્યાય' પૃ. ૪ અંક ૧ પુ. ૨૧૬.
૪. ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ ડૉ. શાસ્ત્રી પ. ૩૮.
૫. સ્વાધ્યાય પ. ૪ – ૧ પ. ૨૧૩.
૬. મૈત્રકકાલીન ગુજરાત ભા. ૧. પૃ. ૧૩૫.

## પ્રકરણ ૫ મું

# સાગર

### ખંભાતનો અખાત

ખંભાતનો અખાત એ અરબી સમુદ્રનો ફાંટો છે. સૌરાષ્ટ્રના ગોપનાથથી તાપી નદીના મૂળ સુધી ગણાય છે. તેની કુલ લંબાઈ ૮૦ મા. તેની વધારેમાં વધારે પહોળાઈ ૩૦ મા. છે. મૂળ અને મથાળાના ભાગની વચ્ચે તે માત્ર ૧૨ માઈલ જેટલો પહોળો છે. આ સમુદ્રને મથાળે ખંભાત શહેર આવેલું છે.

### સાગરને મળતી સરિતાઓ

તાપી, કીમ, નર્મદા, ઢાઢર, ઔરંગા, પૂર્ણા, મહી, સાબરમતી, શુકભાદર ઉતાવળી, કલુભટ, ને શેત્રુંજી વગેરે ખંભાતના અખાતને મળે છે.

### ભરતીઓટ

દર પૂનમે અને અમાસે મોટી ભરતી આવે છે અને સુદ – વદની સાતમ આઠમે નાની ભરતી આવે છે. ભરતીનો વેગ કલાકે ૨૦-૨૫ માઈલ જેટલો હોય છે. મોજાંની ઊંચાઈ સાતથી દસ ફૂટ જેટલી હોય છે, ભરતી વખતે જ્યાં કોરી જમીન હોય છે ત્યાં બધે પાણી ફરી વળે છે પણ તે બહુ થોડા પ્રમાણમાં હોય છે. નાના જુવાળ વખતે આ સ્થિતિ હોતી નથી. મહી નદીમાં આ ભરતીનું પાણી આવતાં ' મોટો ઘોડો ' આવ્યો એમ કહેવાય છે. તે જ વખતે તેનો ઓટ થાય ત્યારે કિનારા પરના માણસ કે કોઈ વસ્તુ ખેંચી જતાં વાર લાગતી નથી. ભરતીની આવી ઝડપ ખંભાત નજીકના પાણીના સાંકડા માર્ગને કારણે છે. ત્યાં ટેકરો બની જાય છે, અને તે ઉપર પાછળથી બીજાં મોજાંનો ધસારો ચાલુ રહે છે. પાણીનો આ પહાડ તૂટે છે ત્યારે અસંખ્ય મોજાં ચોતરફ ફેલાય છે. આ મોજાં ખંભાતથી ૧૨-૧૩ માઈલ દક્ષિણે શરૂ થઈ મહી અને સાબરમતીના મુખમાં ધસે છે. દિવસ કરતાં રાત્રિની ભરતી વખતે ૩૭ ફૂટ અને દિવસે ૨૩ ફૂટ નોંધાય છે.[1]

### કાંપની અસર ( અખાત પુરાવો ).

ખંભાતના અખાતમાં નદીઓનું પાણી હજારો વર્ષથી આયાત થતું હોવાથી તે પોતાની સાથે કાંપ લેતી આવે છે. આ નદીઓનો ૮૩,૦૦૦ ચો. મા.નો વિસ્તાર છે. સરેરાશ વરસાદ ૩૬ ઈંચ પડે છે. તે પાણી નદીઓ દ્વારા સમુદ્રમાં આવે છે. મોસમનો વરસાદ ૩૬ ઈંચ ગણાતાં કુલ ૨૫,૧૮,૪૭,-૬૦,૩,૯૨૦ ટન પાણી આવે છે. વરસાદનું $\frac{1}{3}$ ભાગનું પાણી સમુદ્રમાં ઠલવાય છે એમ માનીએ તો ૮૩૦ ચો. મા. વિસ્તારનું ૧૦૦ ફૂટ ઊંચું સરોવર બને એવી વિદ્વાનોની ગણતરી છે.[1]

નદીના એક શેર જેટલા પાણીમાં ·૪૫ જેટલો કાદવ હોય છે આ રીતે ખંભાતના અખાતમાં દર વર્ષે ૩૮,૩૭,૭૧,૪૦૫ ટન કાદવ ઠલવાય. આ કાદવથી ૧૦ ફૂટ ઊંચો અને ૩૬ ચો. મા. વિસ્તારનો એક ટાપુ બની શકે છે. ખંભાતના અખાતનો વિસ્તાર ૨૪૫૦ ચો. મા. છે. ઓટ વખતે ૨૦ વાર ઊંડો હોય છે એટલે બધો કચરો ત્યાં જ ઠરે છે; તો ૧૦૦૦ વર્ષમાં આખોય અખાત પૂરાઈ જાય. પણ અખાતની અસરને લીધે તથા મોજાંની ક્રિયાને લીધે આ અખાત ૧૦૦,૦૦૦ એક લાખ વર્ષ પછી પૂરાઈ જાય તેવી વિદ્વાનોએ ગણતરી કરી છે. આ કાદવ માલદ્વીપ સુધી પ્રસરે છે. ભરતીના જોરને

---

૧ ચરોતર શર્વસંગ્રહ ભા. ૧ લો પૃ. ૧૯.

૧ ગુજરાત એક દર્શન, પૃ. ૨૧૮.

લીધે ગંગા કે બ્રહ્મપુત્રાના ત્રિકોણ પ્રદેશ જેવા ડેલ્ટા પ્રદેશો ગુજરાતમાં નથી.[૨]

## ખંભાતના દરિયાનું ભાઠું

મહી નદીના વહેણથી કાવી તરફનો કિનારો તૂટતો જાય છે અને તે કાંપ ખંભાત તરફ આવે છે. આથી ખંભાતનું ભાઠું વિશાળ થતું જાય છે. આજથી બે હજાર વર્ષ પહેલાં નગરા ગામ મહીનગર તરીકે પ્રખ્યાત હતું. તે બંદર હતું. ધીમે ધીમે નદીના કાંપને લીધે દરિયો દૂર જતો ગયો અને મહીનગર ભાંગ્યું. અને હાલનું ખંભાત દરિયા કાંઠે વસ્યું. દરિયો ખંભાતથી દોઢ – બે માઈલ લગભગ દૂર ગયો છે. મહીસાગરના કાંઠા ઉપર લગભગ છ હજાર એકર જમીન બંધાઈ છે જ્યારે પૂનમ અમાસના મોટા જુવાળ આવે છે ત્યારે પાણી નજીક આવે છે અને બધે ફરી વળે છે આથી ખારી જમીન નકામી થઈ પડે છે.[૨] હવે તે ખારવાળી જમીન સુધારીને તેમાં નાળિયેરી વાવવાના પ્રયત્નો સરકાર તરફથી થવા લાગ્યા છે.

---

૨ એ જ.

૨. ચરોતર સર્વસંગ્રહ ભા. ૧ લો પૃ. ૨૭.

## ડક્કા આગળ કળણ અને રેલિયાં

ખંભાતના ડક્કા આગળ પાણીની ભરતી-ઓટ થઈ ગયા પછી જમીન એકદમ સપાટ દેખાય છે. પણ જો કોઈ ભૂલથી તેમાં પગ મૂકે તો તે કાદવમાં ખૂંપી જાય છે. એક પગ કાઢવા જતાં બીજો પગ ઊતરી જાય છે અને માણસ નીકળી શકતો નથી અને ઊંડો ઊતરતો જાય છે. અને આ રીતે કળી ગયાના બનાવો બન્યા છે.

દરિયામાં જ્યારે મહી અને સાબરમતીનાં પૂર આવે છે ત્યારે તેને લોકો ' રેલ ' આવી એમ કહે છે. આ રેલમાં મોટાં મોટાં વૃક્ષો, પ્રાણીઓ વગેરે ઘણી ઘણી વસ્તુઓ તણાઈ ને આવે છે. આ દિવસોમાં ખંભાતના ચુંવાળિયા, રાણા, માછી વગેરે કોમોના લોકો વહેલા ઊઠી દરિયે જાય છે. પુરુષો મોટાં મોટાં લાકડાં ખેંચી લાવે છે, અને સ્ત્રીઓ ઓટ થયા પછી એકઠાં કરી તેના ભારા બાંધી ઘેર લાવે છે. આ લાકડાંને રેલિયાં કહે છે. કેટલાક તો આ રેલિયાં દરિયા કિનારે એકઠાં કરે છે અને પછી ભારા બાંધી અગર ગાડાં કરી વેચે છે. આ પ્રમાણે કેટલાક લોકોનો ચોમાસાનો ધંધો ચાલે છે.

પ્રકરણ ૬ હું

# સરિતાઓ

## મહીસાગર ઊતરીએ પાર, આવ્યા ત્રંબાવટી મોઝાર

### મહીસાગર

ખંભાત તાલુકો મહી અને સાબરમતી એ નદીના સંપુટમાં આવેલો છે. પૂર્વ દિશામાંથી મહી નદી આવે છે અને ઉત્તર બાજુએથી સાબરમતી આવે છે.

મહીનદી વિંધ્યાચળના પહાડોમાં 'અમઝરા' અને ભોપાવાડ ગામો વચ્ચે 'મેહાડ' નામના સરોવરમાંથી નીકળે છે. તેની લંબાઈ ૫૦૦ માઈલ છે, તે રતલામ, પ્રતાપગઢ, ઉદેપુર વગેરે પ્રદેશોમાં થઈ ડુંગરપુરની હદમાં થઈ, વાંસવાડાની હદમાં થઈ તે ગુજરાતમાં પ્રવેશે છે. ઉગમસ્થાનથી તે ૧૫૦ માઈલ સુધીનો પ્રદેશ માલવા કહેવાય છે; ડુંગરપુર, વાંસવાડાનો પ્રદેશ વાગડ કહેવાય છે, કડાણા બાજુનો પ્રદેશ પાલ કહેવાય છે, ને ત્યાંથી 'માળ' કહેવાય છે, ત્યાર પછી આ નદી ચરોતરમાં પ્રવેશ કરે છે. આ નદીને કેટલીક નાની નદીઓ મળે છે, કેટલીક ઊંડી ખીણો હોય છે; તેને લોકભાષામાં 'મહીનાં કોતર' કહે છે.

વાસદના પૂલ ઉપરથી જોતાં માલૂમ પડે છે કે આ નદી ખંભાતના અખાતને મળવા જાય છે. વાસદ પાસે 'વહેરાખાડી' છે. જ્યારે ખંભાતના અખાતમાં ભરતી આવે છે ત્યારે તેનાં પાણી વહેરાખાડી સુધી આવે છે. આ નદી ઉપર દહેવાણ, કનકાપુરા, બદલપુર વગેરે ગામો આવ્યાં છે. દહેવાણ આગળ મહી નદીનો પટ લગભગ પાંચેક માઈલ જેટલો વિશાળ બને છે, તેથી તેને મહીસાગર કહે છે. નદી જ્યારે બંને કાંઠે ઉભરાય છે ને ત્યારે તેમાં દર સેકંડે વધારેમાં વધારે તેર લાખ ઘનફૂટ પાણી વહે છે એવો અંદાજ છે.[૧]

કડાણા પાસે એને ભાદર મળે છે; અને નહેરોની રચના માટે આ સ્થાન બહુ યોગ્ય ગણાયું છે. મહી નદી રાજ નદી ગણાય છે. ગુજરાતમાં તેના કિનારાની વિશિષ્ટ સંસ્કૃતિની રચના થયેલી છે.

### 'મહીસાગરસંગમ' અને માહાત્મ્ય

'મહીસાગરસંગમ' એનું પૌરાણિક માહાત્મ્ય ઘણું છે. સ્કંદપુરાણના કુમારિકા ખંડમાં તેની કથા આપવામાં આવી છે[૧] તેમ શિવપુરાણની રુદ્રસંહિતા ચતુર્થખંડમાં – દેવો મહાદેવને સ્તુતિ કરી કહે છે કે 'તારકાસુરનો વધ કરવા માટે કુમારને આપો; શિવજીએ હા પાડી. પછી તેઓ 'મહીસાગરસંગમ' ગયા.[૨] તે કથા એવી છે કે

પ્રાચીન સમયમાં સર્વધર્મને જાણનારો ઇંદ્રદ્યુમ્ન નામે રાજા હતો, તેણે અગણિત પુણ્યકામ કર્યાં હતાં તેથી તે રાજા વિમાનમાં બેસી બ્રહ્માના ધામમાં ગયો. ત્યાં દેવોને પણ દુર્લભ એવા ભોગ ભોગવ્યા. સો કલ્પને અંતે બ્રહ્માએ તેને કહ્યું કે હે રાજા તું જલદી પૃથ્વી ઉપર જા. તારે એક ક્ષણ પણ અહીં રહેવું નહિ. ત્યારે ઇંદ્રદ્યુમ્ન કહે : હે બ્રહ્મન્! મારું પુણ્ય ઘણું છે, છતાં મને પૃથ્વી પર કેમ મોકલો

---

૧ ચરોતર સર્વસંગ્રહ, ભા. ૧, પૃ. ૧૦

૧ કુમારિકાખંડ, અ. ૩, ૭, ૧૧

૨ શિવપુરાણ (ક. હિન્દી) પૃ. ૨૪૦

છો ? તેનું કારણ કહો. ત્યારે બ્રહ્મા કહે છે કે હે રાજા ! ગુપ્ત પુણ્યનું ફળ ત્રૈલોકમાં કીર્તિ મેળવ્યા વિના સ્વર્ગની સિદ્ધિ મળતી નથી. માટે તારે મારા ધામમાં રહેવાની ઇચ્છા હોય તો તેને જતી કર. ઇંદ્રદ્યુમ્ન કહે, હે બ્રહ્મા ! મારું સુકૃત પૃથ્વીમાં કેવી રીતે થાય ? મારે શું કરવું ? તે મારા સમજવામાં આવતું નથી, ત્યારે બ્રહ્માજી કહે છે કે હે રાજા, તારી કીર્તિ પુનઃપ્રાપ્ત કરી ફરી સ્વર્ગમાં આવ. ઇંદ્રદ્યુમ્ન રાજા કાંપલ્ય નગરમાં આવે છે પછી તે ઘણા યજ્ઞો તથા પુણ્યદાન વગેરે કરવા માંડે છે. યજ્ઞ કર્યા વિનાની કોઈ ભૂમિ બાકી ન રહી; અને ભૂમિ સંતોષ પામી; અને સર્વતીર્થોનો સાર યજ્ઞની જગાએ પડ્યો; જેમાંથી મહી નદી ઉત્પન્ન થઈ જેના સ્નાન માત્રથી માણસ સર્વ પાપમાંથી મુક્ત થાય છે.

જ્યારે દેવર્ષિ નારદે આ સ્થાન નિર્માણ કર્યું ત્યારે ગ્રહોએ વરદાન આપ્યું. શનિદેવે વરદાન આપ્યું કે જ્યારે શનિવારને દિવસે અમાસ હોય ત્યારે સ્નાનદાન કરવું. વળી શ્રાવણ માસની શનિવારની અમાસ હોય, સૂર્ય સંક્રાન્તિ હોય, વ્યતિપાત હોય, તો તે યોગ ઘણો જ પુણ્યકારક છે. તે દિવસે સોનાની મૂર્તિનું મહીસાગર સંગમમાં વિધિપૂર્વક પૂજન કરવું, તેમ શનિનું પૂજન કરવું. તેથી બધાં તીર્થો જેટલું મહત્ ફળ મળે છે.

**મહીનગર :** આ કિનારા ઉપર જે સ્થળ વસ્યું તે મહીનગરના નામથી ઓળખાયું. વિદ્વાનો 'નગરા'ને તે સ્થળ માને છે. ત્યાર પછી ખંભાતને ગણે છે.

**મહીસાગરમાહાત્મ્ય :** ખંભાતના નાગર કવિ કુબેરે વિ. સં. ૧૭૧૧માં 'મહીસાગરમાહાત્મ્ય' તથા સં. ૧૭૧૩માં 'તારકાસુર' નામે સાહિત્ય-કૃતિઓ કરી છે.[૩]

**વીજળીમથક :** મહીનદીના કિનારા ઉપર આવેલા ધુવારણ ગામે કરોડો રૂપિયા ખરચી સરકારી વીજળી મથક બંધાયું છે. જે આજે ગુજરાતને સેવા આપી રહ્યું છે. મહીસાગર પોતાનું વહેણ વારંવાર બદલ્યા કરે છે; એટલે મુશ્કેલી ઊભી થાય છે; છતાં અદ્યતન સાધનો વડે તેની ખોટ પૂરી પાડવી પડે છે. આજે તો આ સ્થળ પવિત્ર એવડું પુણ્યધામ બની ગયું છે. જેણે ખંભાતની કીર્તિગાથામાં અનેક ગણો વધારો કર્યો છે અને દુનિયાના લોકોને આકર્ષ્યા છે.

**નદીની પવિત્રતા :** નદીઓને શાસ્ત્રમાં પવિત્ર ગણી છે. પરંતુ મહીનદીનું પાણી ગુનેગારને પીવરાવી ગુનો કબૂલ કરાવે છે. તેની પવિત્રતાને લીધે દૂરદૂરના લોકો નહાવા આવે છે. શિવરાત્રી, ચૈત્રપૂનમ, જન્માષ્ટમી વગેરે તહેવારોએ મેળો ભરાય છે. ગાંધીજીનો સર્વોદય મેળો પણ કનકાપુરામાં ભરવામાં આવ્યો હતો.

## સાબરમતી

ખંભાત તાલુકાની પશ્ચિમે સાબરમતી નદી આવેલી છે, તે અરવલ્લીની નૈઋત્ય ફાંટા આગળથી નીકળી સાબરકાંઠા, અમદાવાદ વગેરે જિલ્લામાં થઈ ખેડા જિલ્લાના **વૌઠા** આગળ થઈ ખંભાત તાલુકામાં પ્રવેશ કરે છે. તે બસો માઈલ લાંબી છે. ખંભાતના અખાત આગળ આ નદી સાડાચાર માઈલ પહોળી છે. આ ભાગ ( વડગામથી પશ્ચિમ દક્ષિણે ) **'કાપાલીની ખાડી'** કહેવાય છે. વળી વડગામની દક્ષિણે **'દાંડીની ખાડી'** આવેલી છે. આ બે ખાડીઓ વચ્ચે ચારેક માઈલનું અંતર છે. વડગામની ઉત્તરે તરકપુર આગળ **'તરકપુરનો નાવીડો'** એ નામની ખાડી આગળ સાબરમતી મળે છે ત્યાંથી ઉત્તરે ખંભાત તાલુકાના ગોલાણા તરફથી એક નાની ખાડી **( ગોલાણાનો નાવીડો )** સાબરમતીમાં ભળે છે. ગોલાણાની ઉત્તરે પચેગામ આવેલું છે. ખંભાતના અખાતની ભરતીનાં પાણી

૩ ફાર્બસ ગુ. સા. સ. મુંબઈ હસ્તલિખિત પુસ્તકોની યાદી ભા. ૨જો પૃ. ૯૬

સાબરમતીના મુખ મારફતે ઠેઠ પચેગામ ( ૨૫ માઈલ ) સુધી ધકેલાય છે. [૧]

અલંગ નહેર

ગોલાણુાની ઉત્તરે આશરે પંદર માઇલ ઉપર અને ' પાદ્વા 'ના સંગમથી સહેજ દક્ષિણે આશરે ત્રણુ માઇલ ઉપર અસામલી આગળથી આ નદી-માંથી અલંગ નહેર કાઢવામાં આવી છે. જે આશરે ૨૦ માઇલ લાંબી છે. તે સીધી ખંભાત શહેરમાં આવેલા વિશાળ નારેશ્વર તળાવમાં સમાય છે. નહેરનું પાણી લેવાને માટે વચ્ચે વચ્ચે દરવાજા મૂકવામાં આવ્યા છે, જેથી નારેશ્વરના તળાવમાં જોઈતા પ્રમાણુમાં પાણી લેવામાં આવે. આ નહેર વિષે એક દંતકથા છે કે ખંભાતના એક વણિકની દીકરી અમદાવાદ પરણાવી હતી. એક દિવસે તે દીકરીએ જમી રહ્યા પછી સાસુ પાસે સોપારી માગી. ત્યારે સાસુએ મહેણું માર્યું કે ' વહુજી ! સોપારી ખાવી હોય તો મંગાવો બાપાજીને ઘેરથી.' આથી તે દીકરીએ ખંભાત પોતાના પિતાને લખ્યું. પિતા મોટા વેપારી હતા, તેને પણુ લાગી ગયું. તેણે ખંભાતના નારેશ્વરના તળાવમાંથી અમદાવાદ સુધી નહેર બંધાવી અને સોપારીનું વહાણુ ભરી પોતાની દીકરીને ઘેર મોકલ્યું, અને દીકરીનું મહેણું ટાળ્યું, ત્યાર પછી સામાન્ય રીતે એવું કહેવાય છે કે ખંભાતની જ્ઞાતિઓની કન્યાઓ બહાર જતી નહોતી.

ખંભાતમાં ' અલીંગ ' નામે મહોલ્લો છે; અને અલીંગેશ્વર મહાદેવ છે, જ્યાં પહેલાં લાડવણિકો રહેતા, અને સમુદ્રનું વહાણુવટુ કરતા હતા. તેમના એક વણિકે અલંગની નહેર બંધાવી હોય એમ સંભવિત છે.[૧]

**વૌઠાનો મેળો** — સાબરમતીને વૌઠા આગળ સાત નદીઓનો સંગમ થાય છે. સાબરમતી, હાથમતી, માઝમ, મેશ્વો, ખારી, શેઢી વગેરે નદીઓ મળે છે ત્યાં કાર્તિકી પૂનમે મેળો ભરાય છે, ત્યાં હજારો માણસો આવે છે. ખંભાતના ઘણા માણસો તેનો લાભ લે છે.

સાબરમતી પણુ મહી નદીના જેવી પૌરાણિક ' સાભ્રમતી માહાત્મ્ય 'થી જાણીતી છે.

૧ ચરોતર સર્વસં. ભા. ૧ પૃ. ૧૨

૧ રત્નમણીરાવ અલંગ શબ્દ વિષે વિકૃત વાત લખે છે.